પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 07 ડીસેમ્બર 2016

**આરબીઆઈ વૃદ્ધીશીલ સીઆરઆર પાછો ખેંચે છે**

તારીખ 26 નવેમ્બર 2016 ના દિવસે ભારતીય રિઝર્વ બેન્કે 26 નવેમ્બર 2016 થી શરુ થતા પખવાડિયા થી અમલમાં આવે તે રીતે ,16 સપ્ટેમ્બર 2016 અને 11 નવેમ્બર 2016 વચ્ચેના સમયમાં શિડ્યૂલ્ડ બેન્કો ની નેટ ડીમાન્ડ અને ટાઇમ લાયબીલીટીઝ (NDTL) માં થયેલા વધારા પર 100 % ના વૃદ્ધીશીલ CRR ની જાહેરાત કરી હતી. આ પાછળનો આશય રૂ. 500 અને રૂ. 1000 ના મુલ્યવર્ગ ની બેંક નોટો ના કાયદેસરના ચલણ તરીકે ના દરજ્જા ને પરત ખેંચવાથી પ્રણાલી / સીસ્ટમ માં તરલતા માં થયેલા મોટા વધારા ના એક ભાગ નો સમાવેશ કરવાનો કરવાનો હતો. એવું દર્શાવવામાં આવેલું કે વૃદ્ધીશીલ સીઆરઆર એ સંપૂર્ણરીતે હંગામી પગલું છે અને તેની 09 ડીસેમ્બર 2016 અથવા તે પહેલાં સમીક્ષા કરવામાં આવશે.

માર્કેટ સ્ટેબિલાઈઝેશન સ્કીમ (એમએસએસ) હેઠળ પ્રતિભૂતિઓ / સિક્યોરીટીઝ જારી કરવાની ઉચ્ચત્તમ સીમામાં સીમામાં 6000 બિલીયન સુધી વધારો કરવામાં આવેલ હોવાથી, 10 ડીસેમ્બર 2016 થી શરુ થતા પખવાડિયા થી વૃદ્ધીશીલ સીઆરઆર પરત ખેંચવાનો નિર્ણય કરવામાં આવેલો છે. વૃદ્ધીશીલ સીઆરઆર બંધ થવાથી નિર્મુક્ત લીક્વીડીટી એમએસએસ ઈસ્યુ કરીને અને લીક્વીડીટી એડજસ્ટમેન્ટ ફેસીલીટી ના પરિચાલન ના મિશ્રણ દ્વારા સમાવિષ્ટ કરવામાં આવશે.

અલ્પના કીલાવાલા

પ્રધાન સલાહકાર

પ્રેસ પ્રકાશન: 2016-2017/1443